| GJPM030017942018 | | | | |
|---|---|---|---|---|
| | દાખલ તારીખ | ૨૦૦૮ | ૦૬ | ૨૭ |
| | રજી.તારીખ | ૨૦૦૮ | ૦૬ | ૨૭ |
| | ઠરાવ તારીખ | ૨૦૨૪ | ૧૧ | ૨૨ |
| | સમયગાળો | ૧૬ | ૦૪ | ૨૫ |
| | | વર્ષ | મહીના | દિવસ |

# મે.કાલોલના વધારાના સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં, જી.પંચમહાલ.

સ્પે. મુકદમા નં.૧૩/૨૦૦૮.

જુના સ્પે.મુકદમા નં.૨૮/૨૦૦૮.

આંક-૪૯

| વાદી | ઉ.વ.આ. | ધંધો |
|---|---|---|
| સુપ્રિટેન્ડીગ એન્જીનીયર | ----- | વિધુત સપ્યાલયનો |
| મધ્ય ગુજરાત વીજ કંપની લી. | | |
| રહે.સર્કલ ઓફીસ, ગોધરા. | | |

## વિરુધ્ધ

**પ્રતિવાદી :-**

| | | |
|---|---|---|
| મેસર્સ શકિત ટ્રાન્સફરમર્સ | ------ | ----- |
| (ભાગીદારી પેઢી) | | |
| રહે.રાજય હાઇવે નં.૫, | | |
| પટેલ એસ્ટેટ, દેલોલ, તા.કાલોલ, જી.પંચમહાલ. | | |

---

<u>વિ.વકીલશ્રીઓ</u>

- **વાદી તર્ફે વિ.વ.શ્રી.આર.એમ.ઉપાધ્યાય**
- **પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રી એન.પી.પટેલ**

---

## -:: *JUDGMENT* ::-

## બાબત:- <u>દાવો રૂા.૨,૯૭,૫૯૪=૨૮ પૈસાના આંકથી વસુલાત અંગે</u>.....

1. ***વાદીના દાવાની હકીકત*** :-

**1.1.** વાદીએ હાલનો દાવો પ્રતિવાદી સામે રૂા.૨,૯૭,૫૯૪=૨૮ પૈસા વ્યાજ સહીત વસુલાત માટે દાખલ કરેલ છે. વાદીની અરજી મુજબ વાદી કંપની મધ્ય ગુજરાત વિભાગ વિદ્યુત પુરવઠો પહોચાડવાનું કાર્ય કરે છે. વાદીની મુખ્ય કચેરી રેસકોર્સ, વડોદરા મુકામે આવેલી છે અને તેની સર્કલ ઓફીસ ગોધરા મુકામે આવેલી છે. વાદીએ વડોદરા વડી કચેરી સાથે નકકી થયા મુજબ વાદીના તાબા હેઠળ આવેલ ડીવીઝન ઓફીસોના એલ.ટી.ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફરમર્સ રીપેર કરવા માટે ટેન્ડર મુજબ આ કામના પ્રતિવાદી સાથે કોન્ટ્રાકટ કરવામાં આવેલો અને તે કોન્ટ્રાકટમાં જણાવેલ ટર્મ્સ એન્ડ કન્ડીશન મુજબ આ કામના પ્રતિવાદીએ પ્રતિવાદી તાબા હેઠળની ડીવીઝન ઓફીસોના એલ.ટી.ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફરમર્સ નિયત સમય મર્યાદામાં રીપેર કરી તે આપવાના હતા.

**1.2.** વધુમાં વાદીની દાવા અરજી મુજબ કોન્ટ્રાકટની ટર્મ્સ અને કન્ડીશન મુજબ આ કામના પ્રતિવાદીને નિયત સમય મર્યાદામાં ટ્રાન્સફરમર રીપેર કરેલા નહી એટલું જ નહી જે ટ્રાન્સફરમર આ કામના પ્રતિવાદીએ રીપેર કરેલા તેના ગેરંટી પીરીયડ મુજબ ફેઇલ જવાથી ફ્રી ઓફ કોસ્ટથી તે એક મહીનામાં રીપેર કરવાના હતા. તેમાં પણ પ્રતિવાદી નિષ્ફળ ગયા હતા. જેથી વાદીએ આ કામના પ્રતિવાદી પાસેથી કુલ-૩૧ નંગ ટ્રાન્સફરમર લઇ આવેલા અને બીજી એજન્સી પાસે તાત્કાલીક ઉંચા દરથી રીપેર કરાવવાની વાદીને ફરજ

---

પડી હતી. જેનો રીપેરીગનો સઘળો ખર્ચ વાદીએ ભોગવેલો છે. જે રીપેરીગ ખર્ચ પ્રતિવાદી પાસેથી વસુલ મેળવવા માટે વાદીની વડી કચેરીથી આ પ્રતિવાદીને ઘણા પત્રો તથા રીમાઇન્ડર લખતા છતા તેઓ નિષ્ફળ રહેલા છે. આમ, કરી આ પ્રતિવાદીએ કોન્ટ્રાકટની ટર્મ્સ એન્ડ કન્ડીશનની શરત નં.૪૦.૨ અને ૪૨ નો ભંગ કરેલ છે એટલું નહી રીપેર કરેલા ટ્રાન્સફરમર ડીસ્પેચ કર્યા તારીખથી ૧૮ મહીના સુધી સંતોષકારક પરફોર્મર્સ આપવું જોઇએ જે આપવામાં પણ પ્રતિવાદી નિષ્ફળ નીવડયા છે. આ કામના વાદી ૩૧ નંગ ટ્રાન્સફરમર પ્રતિવાદી પાસેથી લઇ આવી બીજી એજન્સી પાસે ઉંચા દરથી રીપેર કરાવેલ છે. જેના રીપેરીગ ખર્ચની રકમ રૂા.૨,૯૭,૫૯૪=૨૮ પૈસા વાદીને ચુકવી આપવા માટે આ કામના પ્રતિવાદી કોન્ટ્રાકટની ટર્મ્સ અને કન્ડીશન મુજબ કાયદેસર રીતે બંધાયેલા છે.

**1.3.** વધુમાં વાદીની દાવા અરજી મુજબ દાવા પેરા-૩ માં જણાવ્યા મુજબ રીપેરીગ ખર્ચની રકમ રૂા.૨,૯૭,૫૯૪=૨૮ પૈસા મુદ્દલ રકમ વાદીને ચુકવી આપવા માટે વકીલશ્રી ધ્વારા તા.૬-૮-૦૭ ના રોજ પ્રતિવાદીને તેમના સરનામે રજીસ્ટર્ડ પોસ્ટ એડી.થી નોટીસ મોકલતા તે બજી જવા છતાં પ્રતિવાદીએ આજ દિન સુધી કોઇ રકમ વાદીને વસુલ આપેલ નથી. જેથી સદરહું મુદ્દલ રકમ તથા તે ઉપર દાવાની તારીખથી ચઢતા વ્યાજ સહીતની જે રકમ હોય તે વસુલ મેળવવા માટે દાવો કરવાની જરુરી પડી છે.

**1.4.** **વાદીએ દાવા અરજીના પેરા-૬ માં નીચે મુજબની દાદ ગુજારેલ છે :-**

***અ) આ કામના પ્રતિવાદી પાસેથી અમો વાદી માંગીએ છીએ કે મુદ્દલ રકમ રૂા.૨,૯૭,૫૯૪=૨૮ પૈસા પુરા દાવાની દાખલ તારીખથી તે વસુલ થતા સુધી ...ટકાના ચઢતા વ્યાજ સહિત વસુલ મેળવવાનો બજવણીપાત્ર હુકમનામું અમો વાદીના લાભમાં આ કામના પ્રતિવાદીની જાત-વ-હરેક પ્રકારની સ્થાવર તથા જંગમ મિલકતની વસુલ કરવાનું હુકમનામું કરી આપો.***

***બ) આ દાવાનું તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી વસુલ અપાવો.***

***ક) બીજી વ્યાજબી અને સાચી લાગે તેવી દાદ અપાવો.***

## 2. <u>પ્રતિવાદી તર્ફે વાદીના દાવાનો જવાબ</u> :-

**2.1** વાદી ધ્વારા હાલનો દાવો દાખલ કરતા આ કામના પ્રતિવાદીને દાવાના સમન્સ/નોટીસની બજવણી થતાં તેઓના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલ, પરંતુ નિયત સમયમાં જવાબ રજુ ન કરતાં અને જવાબ રજુ કરવા માટે મુદત અરજી આપતા પ્રતિવાદીની આંક-૧૩ થી જવાબ રજુ કરવાની અરજી ના-મંજુર કરવામાં આવેલ છે. બાદમાં પ્રતિવાદી તર્ફે હાલના દાવાના કામે કોઇ જવાબ રજુ કરેલ નથી.

**3.** સદર દાવાના નિર્ણય માટે મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ આંક-૧૪ થી નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત કરેલા છે.

## -: <u>મુદ્દા</u>:-

1. *શું આ કામના વાદી એ હકીકત પુરવાર કરે છે કે, દાવા અરજીમાં જણાવેલ રકમ રૂા.૨૯૭૫૯૪=૨૮ આ કામના પ્રતિવાદી પાસે વાદીના બાકી લેણા નીકળેલ છે.?*

2. *શું આ કામના વાદી આ કામના પ્રતિવાદી પાસેથી સદરહું લેણી રકમ વ્યાજસહ વસુલ મેળવવા હકકદાર છે.?*

3. *શું હુકમ? શું હુકમનામું.?*

4. ઉપરોકત મુદ્દાઓના મારા નીર્ણય નીચે મુજબ છે.

1. *નકારમાં.*
2. *નકારમાં.*
3. *આખરી હુકમ મુજબ*

5. વાદીઓએ તેઓનો દાવો પુરવાર કરવા નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**વાદી તર્ફે મૌખીક પુરાવાઓ :-**

| અનુ.નં | આંક | નામ | તારીખ |
|---|---|---|---|
| ૧. | ૧૫ | વાદી કૃષ્ણાભાઇ રામાભાઇ દેસાઇની સોગંદ ઉપરની જુબાની. | ૧૭-૦૨-૨૦૧૨ |

**વાદી તર્ફે દસ્તાવેજી પુરાવાઓ:-**

| અનુ.નં | આંક | વિગતો | તારીખ |
|---|---|---|---|
| ૧. | ૧૮ | વાદી કંપનીએ પ્રતિવાદીને ટ્રાન્સફરમર રીપેરીગ કરવામાટેનો રેટ પત્ર સાથે મોકલેલ તેની કોપી. | ૨૪-૦૬-૨૦૦૫ |
| ૨. | ૧૯ | વાદી અને પ્રતિવાદી વચ્ચેનો એગ્રીમેન્ટ. | ૪-૦૭-૨૦૦૫ |
| ૩. | ૨૦ | પ્રતિવાદીએ ઇન્ડેમનીટી બોન્ડ લખી આપેલ તે અસલ. | ૪-૦૭-૨૦૦૫ |
| ૪. | ૨૧ | આ કામના પ્રતિવાદીએ વાદીના ટ્રાન્સફરમર રીપેરીગ માટે સ્વીકારેલા તેની પહોચો.(૧ થી ૨૬) | ------------- |
| ૫. | ૨૨ | વાદી કંપનીએ તેઓની વડી કચેરી વડોદરાને પ્રતિવાદી કંપનીમાંથી ઉપાડવામાં આવેલ ફેઇલ્ડ ટ્રાન્સફરમરર્સને રીપેર કરવા માટે મંજુરી માગતો લીસ્ટ સાથેનો પત્ર. | ૨૪-૦૫-૨૦૦૭ |
| ૬. | ૨૩ | વાદીએ પ્રતિવાદી કંપનીને ગેરન્ટીના સમયગાળા દરમ્યાન ફેઇલ્ડ ટ્રાન્સફરમર રીપેરીગ ન કરવા બાબતે આપેલ નોટીસ. | ૧૯-૦૨-૨૦૦૭ |
| ૭ | ૨૪ | વાદીએ તેઓના વિ.વ.શ્રી મારફતે નુકશાનીની રકમ | ૬-૦૮-૨૦૦૭ |

| | | | |
|---|---|---|---|
| | | *બાબતે આપેલ નોટીસની કોપી.* | |
| *૮* | *૪૪* | *વાદી કંપનીએ પ્રતિવાદી કંપનીમાંથી ટ્રાન્સફર પરત મેળવી રીપેરીગ કરાવેલ તેનું લીસ્ટ.* | ------------- |

બાદ વાદી તર્ફે આંક-૪૫ થી પુરાવા બંધ પુરશીશ આપતા વાદીના પુરાવાનો હક્ક બંધ કરી સબબ કામ પ્રતિવાદીના પુરાવા પર કામ રાખવામાં આવેલ. સદર કામે પ્રતિવાદીઓ તર્ફે આંક-૪૬ થી પુરાવો રજુ કરવો ન હોય તે બાબતની પુરશીશ આપતા પ્રતિવાદીનો પુરાવો બંધ કરી સદર કામ બંને પક્ષકારોને સાંભળવા માટે રાખવામાં આવેલ.

## 6. <u>દલીલો</u> :-

- **આ કામે વાદી તર્ફે વિ.વ.શ્રી.આર.એમ.ઉપાધ્યાયે તેઓની દલીલોમાં ભારપુર્વક રજુઆત કરેલ છે કે,** આ કામે વાદી તર્ફે આંક-૧૮ થી પ્રતિવાદી કંપનીને ફેઇલ્ડ ટ્રાન્સફરમર રીપેરીગ કરવા માટેનો રેઇટ સાથે પત્ર મોકલવામાં આવેલ અને તે પત્ર મુજબ આ કામની પ્રતિવાદી કંપનીએ ટેન્ડરની શરતો મુજબ વાદી સાથે કોન્ટ્રાકટ કરેલ તેમજ પ્રતિવાદી કંપનીએ તે માટે બોન્ડ લખી આપેલ, જે દસ્તાવેજો આ કામના વાદીએ આંક-૧૯,૨૦ થી રજુ કરેલ છે. વધુમાં આ કામના વાદીએ કરારની શરતો મુજબ ટ્રાન્સફરમર રીપેરીગ ન કરતાં અને વાદીએ અન્ય કંપની પાસેથી રીપેરીગ કરાવેલ અને તેનો જે ખર્ચ થયેલ તે બાબતે વાદી કંપનીએ પ્રતિવાદીને નોટીસ આપેલ જે આ કામે આંક-૨૪ થી રજુ થયેલ છે જેનો જવાબ આ કામના પ્રતિવાદીએ આપેલ નથી. હાલના દાવો પ્રતિવાદી કંપની પાસેથી વાદીએ કાયદેસરના થયેલ નુકશાન બાબતે દાખલ કરેલ છે. સદર દાવાનો જવાબ પ્રતિવાદીએ આપેલ નથી અને તે જોતા વાદીના દાવાનો સ્વીકાર કરેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામના પ્રતિવાદી તર્ફે વાદીએ રજુ કરેલ દસ્તાવેજો વંચાણે લેવામાં આવે તો વાંધો નથી તેવો શેરો મારેલ છે તે જોતા વાદીના દાવાની હકીકતો તેમજ દસ્તાવેજોનો સ્વીકારેલ કરેલ છે તે જોતા વાદીનો દાવો પુરવાર થાય છે. આ કામે વાદી તર્ફે આંક-૪૪ થી દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે અને તે પ્રતિવાદીએ ચેલેન્જ કરેલ નથી, ઉલટમાં પ્રતિવાદીએ એડમીટ કરેલ

છે તેવા સંજોગોમાં પણ વાદીનો કેસ પુરવાર થાય છે. આ કામના પ્રતિવાદી તે વાદીની ઉલટ તપાસમાં તેવી કોઇ હકીકત લાવેલ નથી કે વાદીનો કેસ માનવાને કારણ નથી. આમ, રેકર્ડ પરનો પુરાવો જોતા વાદીનો દાવો મંજુર કરવા રજુઆત કરેલ છે.

- **જયારે આ કામે પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રી. એન.પી.પટેલનાઓએ તેઓની દલીલમાં જણાવેલ છે કે,** વાદીની રજુઆત મુજબ ટેન્ડર મુજબ અને ટેન્ડર બહાર પાડયા પછી અલગ અલગ ટ્રાન્સફરમર રીપેરીગ માટે આપવામાં આવેલ, પરંતુ આ કામે વાદી તર્ફે રજુ દસ્તાવેજો જોતા ટેન્ડર પહેલાના રીપેરીગ માટે આપેલા છે અને તે જોતા વાદી જણાવે છે તેવી કોઇ શરતો લાગુ પડતી નથી. વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામના વાદીએ જે રીપેરીગ કરવા માટે ટ્રાન્સફરમર આપેલા તે ટ્રાન્સફરમર કયારે અને કોની હાજરીમાં પરત શરતોને આધીન મેળવેલા છે તે બતાવેલ નથી. તદઉપરાંત આ કામના વાદી જણાવે છે તેમ તેઓએ જે કંપનીમાં રીપેરીગ કરાવેલ છે તે બાબતે તેઓને રીપેરીગનો ખર્ચ કેટલો થયેલ અને કેટલું નુકશાન થયેલ તે બાબતે રીપેરીગ કરનાર કંપનીના જે તે જવાબદાર વ્યકિતને તપાસેલા નથી તેવા સંજોગોમાં ખરેખર તેવા ટ્રાન્સફરમર રીપેરીગ કરાવેલ છે કે કેમ? તે બાબતે પણ કોઇ સ્પષ્ટ હકીકત વાદી રેકર્ડ પર લાવેલ નથી. વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામના વાદીએ અન્ય કંપની પાસે ટ્રાન્સફરમર રીપેરીગ કરાવેલ છે તેવા ટ્રાન્સફરમર રીપેરીગ માટે પક્ષકારોની હાજરીમાં ખોલવું જોઇએ અને રીપેરીગના ખર્ચ માટે એસ્ટીમેટ નકકી કરવું જોઇએ, પરંતુ તેવું કોઇ નકકી કરેલ નથી અને એસ્ટીમેટ રજુ કરેલ નથી. તદઉપરાંત વાદી ટ્રાન્સફરમર રીપેરીગ કરવાનું જણાવે છે તે રીપેરીગનો ખર્ચ કેટલો થયેલ તેમજ કયા પાર્ટસ નાખવામાં આવેલ છે તે બાબતનો કોઇ પુરાવો વાદી તર્ફે રજુ કરેલ નથી કે તે બાબતે જે તે રીપેરીગ કરનાર કંપનીના અધિકારીને તપાસેલા નથી તે જોતા પણ વાદીએ ખોટી રીતે રકમ પડાવવા માટે હાલનો ખોટો દાવો કરેલ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, આ કામન વાદીએ પ્રતિવાદીને નોટીસ આપ્યાનું જણાવે છે, પરંતુ તેવી નોટીસ આ કામના પ્રતિવાદીને બજેલ હોય તે બાબતનો પુરાવો રજુ કરેલ નથી. આ કામના પ્રતિવાદીએ વાદીની વિગતવાર ઉલટ તપાસ કરેલ છે તેમાં વાદીએ સ્વીકારેલ હકીકતો જોતા પણ વાદીનો દાવો ખર્ચ સહીત રદ થવાને પાત્ર છે. સદર દાવાની હકીકતો જોતા વાદીએ તમામ મુદ્દાઓ પુરવાર કરવાના છે અને તે વાદીપક્ષ પુરવાર કરવામાં નીષ્ફળ નીવડેલ છે તે જોતા વાદીનો દાવો ખર્ચ સહીત રદ કરવા રજુઆત કરેલ છે.

7. આ કામે પક્ષકારો તર્ફે કરવામાં આવેલ રજુઆત તેમજ રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા મારા ઉપરોકત મુદ્દાઓના કારણો નીચે મુજબના છે.

## -: <u>કારણો</u> :-

### 7- એ) <u>મુદ્દા નં. ૧ થી ૨</u> :-

સદર મુદ્દા નં.૧ થી ૨ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોવાને કારણે તેના પુરાવાની ચર્ચાનું પુનરાવર્તન ન થાય તે માટે સદર મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવાનું ન્યાયોચિત જણાતુ હોવાને કારણે તમામ મુદ્દાઓની ચર્ચા એક સાથે કરેલ છે.

- વાદીની દાવા અરજીની મુખ્ય હકીકત/તકરાર મુજબ વાદી કંપનીએ આ કામના પ્રતિવાદી કંપનીને ટ્રાન્સફરમર રીપેરીંગ કરવા માટે કોન્ટ્રાકટ આપેલ અને તેની શરતો મુજબ રીપેરીંગ ન કરતાં વાદીને અન્ય કંપનીમાં ઉચા દરે રીપેરીંગ કરાવવાની ફરજ પડેલ અને તે માટે રીપેરીંગના ખર્ચ બાબતે પ્રતિવાદીને નોટીસ આપેલ અને બજવા છતાં ચુકવેલ ન હોય જેથી વાદીને હાલનો દાવો દાખલ કરવાની ફરજ પડેલ છે. આમ તે જોતા વાદીની તે સબંધેની પોતાના દાવાની હકીકત ધ્યાને રાખી આ તબકકે પુરાવા સબંધે ભારતીય પુરાવા અધિનીયમની જોગવાઇઓ ધ્યાનમાં લેવામાં આવે તો.......

***<u>ભારતીય પુરાવા અધિનીયમની કલમ-૧૦૧ માં સાબીતીનો બોજો પુરવાર કરવા અંગેની જોગવાઇ કરવામાં આવેલ છે. જેમાં</u>***

*“ જે કોઇ એમ ઇચ્છતો હોય કે તેણે પ્રતિપાદીત કરેલ હકીકતો સાબીતીના અસ્તીત્વ ઉપર આધારીત કોઇ કાયદેસરના હકક અથવા જવાબદારી વિશે કોઇ બીજું ન્યાયાલય ફેસલો આપે તો તેણે સાબીત કરવું પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે અને કોઇ વ્યકિત, હકીકતનું અસ્તિત્વ સાબીત કરવા બંધાયેલ હોય ત્યારે સાબીતીનો બોજો તે વ્યકિત ઉપર છે, એમ કહેવાય. ”*

આમ, આ જોગવાઇ મુજબ વાદી-પ્રતિવાદીના દાવાની કોઇ બાબતો અંગે જયારે સામાપક્ષે વાંધો યા વિરોધ વ્યકત કર્યો હોય ત્યારે તેવી બાબતો વાદી-પ્રતિવાદી ધ્વારા હકારાત્મક રીતે પુરવાર થવી જોઇએ. પરંતુ સામાપક્ષ ધ્વારા નકારાત્મક રીતે તે ના-સાબીત થવું જરુરી નથી.

**વધુમાં** ***ભારતીય પુરાવા અધિનીયમની કલમ-૧૦૨ મુજબ સાબીતીનો બોજો કોની ઉપર છે, તે અંગેની આ કલમમાં જોગવાઇ કરવામાં આવેલ છે. જે મુજબ*** *" બે માંથી કોઇ પક્ષ તરફથી કોઇ પુરાવો ના આપવામાં આવ્યો હોય તો જે વ્યકિત નિષ્ફળ જાય તેમ હોય તેની ઉપર દાવા અથવા કાર્યવાહીમાં સાબીતીનો બોજો છે. "* કોઇ વ્યકિત પોતાની તરફેણમાં કોઇ કથન કરતો હોય કે પોતાનો બચાવ કરતો હોય તો તે પુરવાર કરવાની જવાબદારી જે તે વ્યકિતની રહે છે. *તેમજ* ***ભારતીય પુરાવા અધિનીયમની કલમ-૧૦૩ માં ચોકકસ હકીકત વિશે સાબીતીના બોજા અંગેની જોગવાઇ કરવામાં આવેલ છે. જે મુજબ*** *"કોઇ ચોકકસ હકીકતનું અસ્તિત્વ હોવાનું ન્યાયાલય માને એમ જે વ્યકિત ઇચ્છતી હોય તેના ઉપર એ હકીકતની સાબીતીનો બોજો છે, સિવાય કે તે હકીકતની સાબીતીનો બોજો કોઇ વ્યકિત ઉપર રહેશે, એવી કોઇ કાયદાથી જોગવાઇ કરવામાં આવી હોય. "* આમ, આ કલમ મુજબ જે કોઇ વ્યકિત એવું ઇચ્છતો હોય કે તેમના કરેલ કથનો કે બચાવ માની કોર્ટ તેમની તરફેણમાં ચુકાદો આપે ત્યારે જે તે વ્યકિતએ પોતાના કરેલ કથનો અથવા તો પોતે પોતાના આપેલ બચાવની વિગતો પુરવાર કરવાની જવાબદારી જે તે વ્યકિત ઉપર રહે છે. સિવાય કે તેના વિરુધ્ધની કોઇ કાયદામાં એવી કોઇ જોગવાઇ કરવામાં આવેલ હોય.

***ભારતીય પુરાવા અધિનીયમની કલમ-૧૦૪ માં જણાવેલ છે કે, કોઇ વ્યકિત થી કોઇ બીજી હકીકતનો પુરાવો આપી શકાય તે માટે તે સાબીત થવી જરૂરી હકીકત સાબીત કરવાનો બોજો, એવો બીજો પુરાવો આપવા ઇચ્છતી વ્યકિત ઉપર છે.***

આમ, ભારતીય પુરાવા અધિનીયમ-૧૮૭૨ માં કરવામાં આવેલ જોગવાઇઓ મુજબ જે વ્યકિત જે હકીકત બની છે અને તે પોતાના કથનના સમર્થનમાં કોર્ટ ધ્વારા હુકમ મેળવવા માંગતી હોય ત્યારે તે વ્યકિતએ કરેલ કથનો પુરવાર કરવાની જવાબદારી ભારતીય પુરાવા અધિનીયમની કલમ-૧૦૩ મુજબ તે વ્યકિત ઉપર રહે છે.

- આમ, જયારે વાદી એવું જણાવતા હોય કે, પ્રતિવાદીએ નિયત સમયમાં કરારની શરતો મુજબ ટ્રાન્સફરમર રીપેરીગ કરેલ ન હોય અને જેથી વાદીએ અન્ય કંપનીમાં રીપેરીગ કરાવતા વધુ રકમ વાદીને રીપેરીગ માટે ચુકવવી પડેલ છે. આમ જયારે કોઇપણ વ્યકિત સાથે અથવા તો કોઇ વ્યકિતનું મિલકત/ વસ્તુ બાબતે તેવી પરીસ્થિતી બનેલ હોય તો તેવી બનેલ ખરી પરીસ્થિતી શું છે ? તે બાબતની જાણકારી તે વ્યકિત જ આપી શકે.

## 7- બી) પક્ષકારો તર્ફે દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવાની ચર્ચા :-

➢ આ કામમાં ઉપર કરેલ ચર્ચા મુજબ વાદીપક્ષ તેઓના દાવાના સમર્થનમાં આંક-૧૫ થી વાદી કૃષ્ણાભાઇ રામાભાઇ દેસાઇનાઓએ સોગંદ ઉપર પુરાવો રજુ કરેલ છે. જેમાં વાદીએ દાવાની તમામ હકીકતોનું પુનરાવર્તન કરેલ છે. જયારે આ કામના વાદીપક્ષે તેઓના દાવાની હકીકતો પુરવાર માટે આંક-૧૮ થી ૨૪ અને ૪૪ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

### ◆ વાદી તર્ફે દસ્તાવેજી પુરાવો :

➢ આ કામે વાદી તર્ફે રજુ મૌખિક પુરાવાઓને ધ્યાને લેતા પહેલા વાદી તર્ફે રજુ દસ્તાવેજી પુરાવાઓ જોવામાં આવે તો, આંક-૧૮ વાદીની હેડ ઓફીસ મધ્યગુજરાત વિજ કંપની લી., વડોદરાનાઓએ પ્રતિવાદી મેસર્સ શકિત ટ્રાન્સફરમરને અલગ અલગ ફેઇલ્ડ ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોરમરનો રીપેરીંગ માટેનો ભાવ-રેટ બાબતનો પત્ર લીસ્ટ સાથે મોકલાવેલ તે રજુ કરેલ છે. સદર પત્ર મુજબ પ્રતિવાદીને જણાવવામાં આવેલ છે કે, કરારની શરતો મુજબ મંજુર હોવતો તે માટેની સંમતી-એકનોલેજમેન્ટ આપવા જણાવવામાં આવેલ છે.

➢ આંક-૧૯ વાદી તેમજ પ્રતિવાદી વચ્ચે થયેલ કરાર રજુ કરેલ છે અને તે કરારની શરતો મુજબ પક્ષકારોએ પાલન કરવાનું છે. આંક-૨૦ થી આ કામના પ્રતિવાદી કંપનીએ ઇન્ડેમનીટી બોન્ડ લખી આપેલ તે અસલ રજુ કરેલ છે. જયારે આંક-૨૧ થી પ્રતિવાદી કંપનીએ અલગ-અલગ તારીખે વાદી કંપની પાસેથી ટ્રાન્સફોર્મર રીપેરીંગ માટે સ્વીકારેલ તે બાબતના દસ્તાવેજ નં.૧ થી ૨૬ રજુ કરેલ છે. જેમાં વાદી તેમજ પ્રતિવાદી કંપનીના જવાબદાર વ્યકિતની સહીઓ છે.

➢ આંક-૨૨ થી વાદી કંપનીએ તેઓની હેડ ઓફીસને પ્રતિવાદી કંપનીમાંથી પરત લીધેલ એલ.ટી. ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર રીપેરીંગ કરવા માટે પરવાનગી માંગતો પત્ર લીસ્ટ સાથે રજુ કરેલ છે. આંક-૨૩,૨૪ થી વાદી કંપનીએ પ્રતિવાદીને ટ્રાન્સફોર્મર રીપેર ન કરવા બાબતે થયેલ ખર્ચ બાબતે આપેલ નોટીસો

રજુ કરેલ છે. જયારે આંક-૪૪ થી વાદી કંપનીએ પ્રતિક ટ્રાન્સફોર્મર, મંજુસર-સાવલી તેમજ શીવમ એન્જીનીયરીગ-વાઘોડીયાએ ટ્રાન્સફોર્મર રીપેર કરેલ તેનું લીસ્ટ રજુ કરેલ છે.

## ❖ <u>વાદી તર્ફે મૌખિક પુરાવો :-</u>

➢ આ કામે વાદી તર્ફે મૌખિક પુરાવામાં વાદી કૃષ્ણાભાઇ રામાભાઇ દેસાઇનાઓએ આંક-૧૫ થી સરતપાસની જુબાની રજુ કરેલ છે જેમાં દાવા અરજી મુજબની હકીકતોને દોહરાવેલ છે, તદઉપરાંત અન્ય હકીકતો પણ જણાવેલ છે, જેની વિગતવારની ચર્ચા પુરાવાના મુલ્યાંકન વખતે નીચે કરવામાં આવેલ છે. જયારે પ્રતિવાદી તર્ફે ઉલટ તપાસ કરતાં તેઓએ સ્વીકારેલ છે કે,..... **" *તા.૪-૭-૨૦૦૫ ના રોજ પ્રતિવાદી સાથે એગ્રીમેન્ટ કરેલ. એ વાત ખરી છે કે, હું ગોધરા ગ્રામ્ય પેટા વિ.કચેરીમાં ના.ઇજનેર તરીકે ફરજ બજાવતો હતો. એ વાત ખરી છે કે, આ એગ્રીમેન્ટ થયેલ તે અમારી વર્તુળ કચેરી અધિકારી ઇજનેરની રુબરુમાં થયેલ. એ વાત ખરી છે કે, આ એગ્રીમેન્ટ કરતા પહેલા ટેન્ડર બહાર પડેલ અને તે અંગેની બુકલેટ હતી, જેમાં ટેન્ડરની શરતો લખેલી હતી. <u>એ વાત ખરી છે કે, આ પહેલા તા.૨૪-૦૬-૦૫ ના રોજ પ્રતિવાદીને વર્ક ઓર્ડર આપવામાં આવેલો.</u> એ વાત ખરી છે કે, પ્રતિવાદીએ જે ટ્રાન્સફરમર રીપેરીગ કરવાના હતા તેના સ્પેસીફીકેશન અને ડ્રોઇંગ તૈયાર કરવામાં આવેલ હતા. એ વાત ખરી છે કે, તા.૨૪-૦૬-૦૫ ના રોજનો ઓર્ડર તથા ટેન્ડરની શરતોની બુકલેટ તેમજ સ્પેસીફીકેશન અને ડ્રોઇંગ એ એગ્રીમેન્ટનો ભાગ હતા. આંક-૧૯ થી રજુ થયેલ એગ્રીમેન્ટ દસ્તાવેજમાં અનુ.નં.૧ થી ૩ તરીકે દર્શાવેલ દસ્તાવેજ આ કામે આંક-૧૮ થી રજુ છે. ....આંક-૧૮ નો પત્ર તથા તેની સાથે શરતો એમ.જી.વી.સી.એલ.ને બંધનકર્તા છે. એ વાત ખરી છે કે, આંક-૧૮ ની શરતો અને આંક-૧૯ નું એગ્રીમેન્ટ ધ્યાનમાં લઇએ તો એમ.જી.વી.સી.એલ. અને પ્રતિવાદી કંપની વચ્ચે ડીસ્પ્યુટ ઉભો થઇ ગયેલ છે. આંક-૧૮ થી રજુ દસ્તાવેજથી શરતોમાં અનું. નં.૧૭ મુજબ કાર્યવાહી થયેલ છે. શરત નં.૧૭ મુજબ સુપ્રિ.એન્જી.નો નિર્ણય આ કામે આંક-૨૩ થી રજુ કરેલ છે. <u>આંક-૨૩ ના દસ્તાવેજના પેરેગ્રાફ નં.૩ માં નંબર ઓફ નોટીસનો ઉલ્લેખ કરેલ છે તે કુલ કેટલી નોટીસો રેકર્ડ જોઇને કહી શકુ, આવી નોટીસો દાવાના કામે રેકર્ડમાં રજુ કરેલ નથી. પ્રતિવાદીને ટેન્ડર મુજબ કુલ કેટલા ટ્રાન્સફોર્મર રીપેરીગ માટે આપેલા તે હું જાણતો નથી. પ્રતિવાદીએ કેટલા સમયમાં કેટલા ટ્રાન્સફોર્મર રીપેર કરીને</u>***

*એમ.જી.વી.સી.એલ.ને આપેલ તે હું જાણતો નથી. એમ.જી.વી.સી.એલ.ના કયા ટ્રાન્સફોર્મરમાં કયા પ્રકારની ખામી હતી તે હું જાણતો નથી. પ્રતિવાદીએ ટ્રાન્ફોર્મર રીપેર કરીને એમ.જી.વી.સી.એલ.ને આપેલ હોય અને તેમાં ખામી જણાય તો તે અંગેનો રીપોર્ટ એમ.જી.વી.સી.એલ.પાસે ઉપલબ્ધ હોય. ટ્રાન્ફોર્મર ફેઇલ થાય તો સૌપ્રથમ કન્સલ્ટ ડેપ્યુટી ઇજનેરને જાણ કરવામાં આવે અને ડીવીઝનમાં જાણ કરવામાં આવે અને ડીવીઝન ધ્વારા સર્કલમાં જાણ કરવામાં આવે ...એ વાત ખરી છે કે, ટેન્ડરના કામ અંગે ડીસ્પ્યુટ થાય તે સંબધે કોઇ દાવો કરવામાં આવે તો તેને લગતા કાગળો દાવાનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી સાચી રાખવા પડે...*સદર સાહેદને સવાલ પુછવામાં આવેલ છે કે, પ્રતિવાદીને કુલ કેટલા ટ્રાન્સફોર્મર રીપેરીગ માટે આપવામાં આવેલા તે તમો કહી શકો.? જેના જવાબમાં જણાવેલ છે કે, *કુલ ૩૧-ટ્રાન્સફોર્મર રીપેરીગ માટે આપેલા, જે અંગેની જાણ મને અમારી કચેરીનું રેકર્ડ જોતા થયેલ. જે જુબાની આપ્યા બાદ જાણ થયેલ.* સદર સાહેદે વધુમાં કબુલેલ છે કે, *પ્રતિવાદીને કેટલા ટ્રાન્સફોર્મર રીપેરીગ કરવા માટે આપેલ અને તેઓ રીપેરીગ કરીને કેટલા ટ્રાન્સફોર્મર કેટલા સમયમાં પરત કરેલ તેની જાણ મને નથી. ટ્રાન્સફોર્મર રીપેરીગ થઇને પરત આવેલ જે અંગેનું રેકર્ડ કચેરીમાં ઉપલબ્ધ છે કે, નહી કહી શકું નહી......એ વાત ખરી છે કે, આંક-૨૨ થી રજુ રાખેલ ચાર કાગળોમાં ટ્રાન્ફોર્મર બીજી એજન્સી મારફતે રીપેરીગ કરવાની નોંધ છે, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, શકિત ટ્રાન્સફરમરને ટ્રાન્સફોર્મર રીપેરીગ કરવા માટે નોટીસ આપેલ પણ તેઓ રીપેરીગ નહી કરતા કે નોટીસનો જવાબ નહી આપતા ટ્રાન્સર્ફોમર પાછા લઇ બીજી એજન્સી પાસે રીપેર કરાવેલા. ...આંક-૨૨ સાથે રજુ થયેલ ચાર કાગળો પૈકી પ્રથમ કાગળમાં ૩૧-ટ્રાન્સફોર્મરનો ઉલ્લેખ છે તેમાં કયા ટ્રાન્સફોર્મરમાં શું ખામી હતી તે દર્શાવિલ નથી, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ખામીની વિગત એસ્ટીમેટથી અલગ રાખવામાં આવે છે. એ વાત ખરી છે કે, કયા ટ્રાન્સફોર્મરમાં કઇ ખામી હતી તે એસ્ટીમેટ કચેરીમાં રાખવામાં આવે છે તેની વિગત આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે, આંક-૨૨ થી રજુ રાખેલ કાગળ નં.૨ થી ૪ ને દાવાના વિષય વસ્તુ સાથે સબંધ નથી. ....એ વાત ખરી છે કે, ટ્રાન્સફોર્મરમાં જણાવેલ ખામી દુર કરવામાં ન આવે તો રીપેરીગ કરનાર એજન્સીનો કોન્ટ્રાકટ રદ કરવામાં આવે છે. એ વાત ખરી છે કે, ટ્રાન્સફોર્મર રીપેરીગ માટે લોટમાં આવેલ હોય તેમાંથી જેટલા ટ્રાન્સફોર્મરમાં ખામી દુર થાય તેનું એસ્ટીમેટ પ્રમાણે પેમેન્ટ રીપેરીગ એજન્સીને ચુકવવાનું હોય છે, સાહેદ જણાવે છે કે, તે સબંધે અમારી કચેરીના નીયમો છે. નિયમો અને શરતો આ કામે આંક-૧૮ થી રજુ છે. એ વાત ખરી છે કે, ટ્રાન્સફોર્મર*

*રીપેરીગ માટે કયા દિવસે કેટલા આપેલ જેની વિગતો-દસ્તાવેજી પુરાવા કચેરીમાં હોય છે. એ વાત ખરી છે કે, રીપેરીગ થયેલા તથા નહી રીપેરીગ થયેલા ટ્રાન્સફોર્મરની વિગતો કચેરીમાં હોય છે. પ્રતિવાદીને રીપેરીગ માટે ૩૧-ટ્રાન્સફોર્મર જુદી જુદી તારીખે આપેલા, જે આ કામે આંક-૨૧ થી રજુ છે, જે કુલ-૧૫ પાનમાં સફેદ કાગળો છે તે છે. ..અમને જે ટ્રાન્સફોર્મર રીપેર માટે મળેલ અને અમે તે ટ્રાન્સફોર્મર બીજી એજન્સીને રીપેર માટે આપીએ તે વખતે અમારી અને બીજી એજન્સી વચ્ચે કરાર કરવામાં આવે છે કે કેમ? તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, બીજી એજન્સી રીપેરીગ માટે ટ્રાન્સફોર્મર ખોલ તે પહેલા એમ.જી.વી.સી.એલ.ના એન્જીનીયર અને રીપેરીગ એજન્સી બંને રુબરૂ ટ્રાન્સફોર્મર ખોલવામાં આવે તેનો રીપોર્ટ કરવામાં આવે અને એસ્ટીમેટ નકકી કરવામાં આવે છે,* સાહેદ રેકર્ડ જોઇને જણાવે છે કે, બીજી એજન્સીને રીપેરીગ માટે આપેલ ટ્રાન્સફોર્મર અંગેનો એન્જીનીયર અને રીપેરીગ એજન્સી બંને રુબરુ ટ્રાન્સફોર્મર ખોલવામાં આવે તેનો એસ્ટીમેટ અને રીપોર્ટ કરવામાં આવે તે રીપોર્ટ અને એસ્ટીમેટ આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, બીજી એજન્સીને રીપેરીગ માટે આપેલ ટ્રાન્સફોર્મરના બીલો પણ મે આ કામે રજુ કરેલ નથી, સાહેદ જણાવે છે કે, પેમેન્ટમાં જતા રહે. એ વાત ખરી છે કે, આ બીલો અમારી ઓફીસની કસ્ટડીમાં હોય. બીજી એજન્સીને આપેલ ટ્રાન્સફોર્મરમાંથી કેટલા ટ્રાન્સફોર્મર ફેઇલ થયા તેમની મને માહીતી નથી. ...**”**

- ◆ પ્રતિવાદી તર્ફે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવો નથી તે મતલબની આંક-૪૬ થી પુરશીશ આપતા પ્રતિવાદીના પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

7- સી) **આમ, આ કામે વાદી તેમજ પ્રતિવાદી તર્ફે રજુ રેકર્ડ પરનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ જોવામાં આવે તો**........

- ◆ આ કામે વાદીની દાવા અરજી મુજબ વાદી કંપનીએ આ કામના પ્રતિવાદી મેસર્સ શકિત ટ્રાન્સફરમર્સને ટ્રાન્સફોર્મર રીપેરીગ કરવા માટે આપેલ અને તે વાદી અને પ્રતિવાદી વચ્ચે થયેલ કરારની શરતો મુજબ નિયત સમયમાં રીપેરીગ ન કરતાં વાદીને અન્ય કંપનીમાં ઉચા દરે રીપેરીગ કરાવવાની ફરજ પડેલ હોય કરાર મુજબ રીપેરીગનો ખર્ચ બાબતે પ્રતિવાદીને નોટીસ આપવા છતાં ચુકવેલ ન હોય જેથી દાવો કરેલ છે. આ કામે વાદી તર્ફે રજુ પુરાવો જોવામાં આવે તો આ કામના વાદી કંપનીના ફેઇલ્ડ ટ્રાન્સફોર્મર રીપેરીગ માટે

પ્રતિવાદીને કરાર સાથે ફેઇલ્ડ જુદા જુદા રેટ-ભાવ સાથે ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર રીપેરીગ કરવા કરારની ઓફર કરવામાં આવેલ અને કરાર મુજબ પ્રતિવાદી ટ્રાન્સફોર્મર રીપેરીગ માટે તૈયાર હોય તો તે બાબતની સંમતી આપવા જણાવતો પત્ર તા.૨૪-૦૬-૨૦૦૫ ના રોજ લખેલ. સદર કરારની શરત નં.૪૦ મુજબ રીપેરીગમાં આવતા જુદા જુદા કે.વી.ના ટ્રાન્સફોર્મર કરારમાં જણાવ્યા મુજબના સમયગાળામાં રીપેરીગ કરીને આપવા છે. જયારે શરત નં.૪૨ મુજબ જણાવેલ સમયગાળા દરમ્યાન જો ટ્રાન્સફોર્મર રીપેરીગ કરવામાં નિષ્ફળ જાય તો તેવા સંજોગોમાં તેવા ટ્રાન્સફોર્મર અન્ય એજન્સીમાં ઉચા ભાવમાં પણ રીપેરીગ કરાવી શકાશે અને અને કરારમાં નકકી થયા મુજબની જો વધારાની રકમ હોય તો તેવી રકમ વાદી કંપની મેળવી શકશે. જે મુજબ આ કામના વાદી તેમજ પ્રતિવાદી વચ્ચે ટ્રાન્સફોર્મર રીપેરીગ કરવા બાબતનું એગ્રીમેન્ટ-કરાર તા.૪-૦૭-૨૦૦૫ ના રોજ થયેલ છે તેમજ આ કામના પ્રતિવાદીએ વાદી કંપનીને ઇન્ડેમનીટી બોન્ડ તા.૪-૦૭-૨૦૦૫ ના રોજ લખી આપેલ છે તે બાબતે આ કામે આંક-૧૮-૨૦ સુધીના દસ્તાવેજો રજુ થયેલ છે. આ કામે જોવામાં આવે તો વાદી તર્ફે આંક-૨૧ થી ટ્રાન્સફોર્મર રીપેરીગ માટે આ કામના પ્રતિવાદીને આપેલ તેની કુલ-૨૬ પહોચો-રસીદો રજુ કરેલ છે. જે પૈકીની પહોચ નં.૧ તા.૨૭-૦૮-૦૩, નં.૨ તા.૧૨-૦૯-૦૩, નં.૩ તા.૦૮-૧૦-૦૩, નં.૪ તા.૩૧-૦૩-૦૪, નં.૫ તા.૧૦-૦૫-૦૪, નં.૬ તા.૩૦-૦૬-૦૪ તેમજ તા.૧-૦૭-૦૪, નં.૭ તા.૫-૦૭-૦૪, નં.૮,૯ તા.૨૪-૦૧-૦૫, નં.૧૦,૧૧ તા.૨૩-૦૨-૦૫, નં.૧૨ થી ૨૬ તા.૨૬-૦૭-૦૫ થી તા.૩-૧૧-૦૬ સુધી સ્વીકારેલ છે. આમ, સદર રજુ દસ્તાવજો જોતા આ કામના વાદીએ પ્રતિવાદી સાથે ટ્રાન્સફોર્મરના રીપેરીગ કરવા માટેના કરાર માટે આંક-૧૮ નો પત્ર તા.૨૪-૦૬-૦૫ ના રોજનો છે તેમજ વાદી અને પ્રતિવાદી વચ્ચે શરતો મુજબનો કરાર-એગ્રીમેન્ટ કરાર તા.૪-૦૭-૨૦૦૫ ના રોજ થયેલ છે અને તે કરારમાં પણ તા.૨૪-૦૬-૦૫ ના "ટેન્ડર અને કામ કરવાની શરતો" મુજબનું નકકી થયેલ છે, જયારે આ કામના વાદી તેઓની દાવા અરજીમાં જે ટ્રાન્સફોર્મર અન્ય એજન્સી થકી રીપેરીગ કરાવેલ છે, પરંતુ અનુ નં.૧ થી ૧૧ ની પહોચો સદર કરારની તારીખ પહેલાની છે. આ કામે વાદીએ તેઓની ઉલટ તપાસમાં કબુલેલ છે કે, તા.૨૪-૦૬-૦૫ પહેલા પ્રતિવાદીને વર્ક ઓર્ડર આપવામાં આવેલ, પરંતુ તેવો કોઇ વર્ક ઓર્ડર રજુ કરેલ નથી. તદઉપરાંત આ કામે વાદી જે ૩૧-ટ્રાન્સફોર્મર રીપેરીગ અન્ય કચેરીમાંથી કરાવેલ અને તેઓએ રકમ ચુકવેલ તે બાબતે પણ તેઓએ ૨૬-પહોચો રજુ કરેલ છે અને ૩૧-ટ્રાન્સફોર્મર બાબતે કોઇ સ્પષ્ટ હકીકત રેર્કડ પર લાવેલ નથી.

- વધુમાં આ કામે વાદી તર્ફે આંક-૨૨ થી આ કામના વાદીએ પ્રતિવાદી કંપની તેમજ મેસર્સ સુપર સેલ્સ, ડેલોલમાંથી ૧૦૦-ટ્રાન્સફોર્મર પરત લીધેલ અને તેના રીપેરીગ માટે પ્રતિવાદીએ તેઓની હેડ ઓફીસ વડોદરાને પરવાનગી માંગતો પત્ર લખેલ તેની કોપી રજુ કરેલ છે. જેની સાથે વાદીએ સદર ટ્રાન્સફોર્મરનું લીસ્ટ રજુ કરેલ છે તે જોવામાં આવે તો તેમાં સદર ટ્રાન્સફોર્મરોનો રીપેરીગ ખર્ચ અને કઇ એજન્સી ધ્વારા રીપેર કરવામાં આવેલ છે તેનો ચાર્ટ રજુ કરેલ છે, પરંતુ વાદી પાસેથી તેઓની દાવા અરજી મુજબ તમામ ટ્રાન્સફોર્મર પ્રતિવાદી કંપની પાસે હતા અને તેઓએ પરત કઇ પરીસ્થિતીમાં લીધેલ છે તે બાબતનો કોઇ પુરાવો રજુ કરેલ નથી. તદઉપરાંત વાદી ધ્વારા તેઓની અરજી તેમજ રજુઆત મુજબ તેઓએ ટ્રાન્સફોર્મર અન્ય એજન્સી મારફતે રીપેર કરાવેલ છે, પરંતુ તેવા ટ્રાન્સફોર્મર રીપેરીગ માટે અન્ય એજન્સીને આપેલ હોય અને એજન્સીએ રીપેર કરેલ હોય તે બાબતનો કોઇ પુરાવા આ કામના વાદી તર્ફે રજુ કરેલ નથી. આ કામે વાદીએ તેઓની ઉલટ તપાસમાં કબુલેલ છે કે, .***અમને જે ટ્રાન્સફોર્મર રીપેર માટે મળેલ અને અમે તે ટ્રાન્સફોર્મર બીજી એજન્સીને રીપેર માટે આપીએ તે વખતે અમારી અને બીજી એજન્સી વચ્ચે કરાર કરવામાં આવે છે કે કેમ? તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, બીજી એજન્સી રીપેરીગ માટે ટ્રાન્સફોર્મર ખોલે તે પહેલા એમ.જી.વી.સી.એલ.ના એન્જીનીયર અને રીપેરીગ એજન્સી બંને રુબરુ ટ્રાન્સફોર્મર ખોલવામાં આવે તેનો રીપોર્ટ કરવામાં આવે અને એસ્ટીમેટ નકકી કરવામાં આવે છે,*** **સાહેદ રેકર્ડ જોઇને જણાવે છે કે, બીજી એજન્સીને રીપેરીગ માટે આપેલ ટ્રાન્સફોર્મર અંગેનો એન્જીનીયર અને રીપેરીગ એજન્સી બંને રુબરુ ટ્રાન્સફોર્મર ખોલવામાં આવે તેનો એસ્ટીમેટ અને રીપોર્ટ કરવામાં આવે તે રીપોર્ટ અને એસ્ટીમેટ આ કામે રજુ કરેલ નથી. એ વાત પણ કબુલેલ છે કે, બીજી એજન્સીને રીપેરીગ માટે આપેલ ટ્રાન્સફોર્મરના બીલો પણ મે આ કામે રજુ કરેલ નથી, સાહેદ જણાવે છે કે, પેમેન્ટમાં જતા રહે. એ વાત ખરી છે કે, આ બીલો અમારી ઓફીસની કસ્ટડીમાં હોય.** આમ, સદર સાહેદનો પુરાવો જોતા પણ તેઓની ઓફીસે ટ્રાન્સફોર્મર બીજી એજન્સી મારફતે રીપેર કરાવેલ અને તે ટ્રાન્સફોર્મર ખોલે તે પહેલા એમ.જી.વી.સી.એલ.ના એન્જીનીયર અને રીપેરીગ એજન્સી રુબરુ ટ્રાન્સફોર્મર ખોલવામાં આવે અને તેનો રીપોર્ટ કરવામાં આવે અને એસ્ટીમેટ નકકી કરવામાં આવે, પરંતુ તેવો કોઇ રીપોર્ટ કે એસ્ટીમેટ રજુ કરેલ નથી કે અન્ય એજન્સીએ ટ્રાન્સફોર્મર રીપેર કરેલ હોય તે બાબતેનો પણ કોઇ પુરાવો રજુ કરેલ નથી કે કોઇને તપાસેલ નથી. તદઉપરાંત વાદીએ ટ્રાન્સફોર્મર રીપેર કરવા માટે જે એજન્સીને આપેલ તેઓ વચ્ચે

રીપેરીગ માટે કોઇ કરાર થયો હોય તે બાબતનો પણ કોઇ પુરાવો રજુ કરેલ નથી. આ કામે વાદી તર્ફે આંક-૧૮ થી રજુ દસ્તાવેજ જોતા તેમાં જણાવેલ શરત નં.૪૨ મુજબના સમયગાળા દરમ્યાન જો ટ્રાન્સફોર્મર રીપેરીગ કરવામાં નિષ્ફળ જાય તો અને તેવા સંજોગોમાં તેવા ટ્રાન્સફોર્મર અન્ય એજન્સીમાં ઉચા ભાવમાં પણ રીપેરીગ કરાવી શકાશે અને તેવી રકમ વાદી તે પ્રતિવાદી પાસેથી વસુલી શકેશ, પરંતુ આ કામે વાદીએ તેઓની દાવા અરજી મુજબ ખરેખર તેટલા ટ્રાન્સફોર્મર રીપેરીગ કરાવેલ છે અને તે રીપેરીગ કરવાનો ખર્ચ કેટલો થયેલ છે તે બાબતના દસ્તાવેજી પુરાવાઓ તેઓની પાસે હોવાછતાં રજુ કરેલ નથી અને તે જોતા વાદી જણાવે છે તેમ પ્રતિવાદી પાસેથી વધારાના ખર્ચની રકમ શરત નં.૪૨ મુજબ મજબુત પુરાવાના અભાવે મેળવવા હકકદાર હોય તે માનવાને કારણ જણાઇ આવતું નથી. વધુમાં આ કામે વાદી તર્ફે રજુઆત મુજબ આંક-૨૩,૨૪ થી પ્રતિવાદીને નોટીસ આપેલ તે રજુ કરેલ છે અને તે નોટીસ બજવા છતાં પ્રતિવાદીએ જવાબ આપેલ નથી, પરંતુ આ કામે વાદી તર્ફે નોટીસ પ્રતિવાદીને બજાવેલ હોય તે બાબતનો પણ પુરાવો રજુ કરી આંક પડાવેલ નથી. તદઉપરાંત આ કામે આંક-૪૪ થી દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે તે જોતા પણ તેમાં ટ્રાન્સફોર્મર પ્રતિક ટ્રાન્સફોર્મર-મંજુસર, સાવલી અને શીવમ એન્જીનીયરીગ-વાઘોડીયામાં રીપેરીગ કરાવેલાનું સ્ટેટમેન્ટ છે, પરંતુ સદર દસ્તાવેજમાં રીપેરીગ કરનાર એજન્સીની સહી કે સીકકો નથી. સદર દસ્તાાવેજમાં વાદી કંપનીના અધિકારીની સહી તેમજ સીકકો છે. આ કામે વાદી તર્ફે રીપેરીગ એજન્સીના અધિકારીને તપાસી શકેલા હોત તેમજ વાદી જણાવે છે તેમ ટ્રાન્સફોર્મર રીપેરીગ કર્યા બાદ તેઓને રકમની ચુકવણી કરેલ હોય તે બીલો પણ રજુ કરી શકયા હોત, પરંતુ તેવો કોઇ પુરાવો રજુ કરેલ નથી. વિશેષમાં વાદીની દાવા અરજી મુજબ વાદીએ ટ્રાન્સફોર્મર રીપેર કરેલા અને ગેરીટી પીરીયડ મુજબ ફેઇલ જવાથી ફ્રી ઓફ કોસ્ટથી એક મહીનામાં રીપેર કરવાના હતા, પરંતુ પ્રતિવાદીએ અગાઉ રીપેર કરેલા અને તેની રકમ ચુકવેલ હોય અને તે રીપેર થયેલ ટ્રાન્સફોર્મર ગેરંટી પીરીયડમાં ફેઇલ થયેલ હોય તે બાબતે પણ કોઇ પુરાવો રજુ કરેલ નથી. વધુમાં શરતો મુજબ પ્રતિવાદીએ જો ટ્રાન્સફોર્મર નિયત સમયમાં રીપેર ન કરે તો અન્ય એજન્સી ધ્વારા રીપેર કરવામાં આવે તો વધારાનો ખર્ચ આપવો પડે તે પ્રતિવાદીને આપવાનો થાય, પરંતુ વાદી જણાવે છે તેવા ટ્રાન્સફોર્મરોમાં શું ખામી હતી, કુલ કેટલો રીપેરીગ ખર્ચ થયેલ છે અને પ્રતિવાદી વચ્ચેની શરતો મુજબની રકમ કરતાં કેટલી રકમ વધુ ચુકવવાની થયેલ છે તે બાબતનો કોઇ સ્પષ્ટ અને માનવાલાયક પુરાવો રજુ કરેલ નથી તેવા સંજોગોમાં વાદી સદર મુદ્દા નં.૧ પુરવાર કરવામાં

નીષ્ફળ નીવડેલ છે. આ કામના વાદી મુદ્દા નં.૧ પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોય તેવા સંજોગામાં વ્યાજની રકમ મેળવવા હકકદાર નથી. જેથી **મુદ્દા નં.૧ અને ૨ નકારમાં** ઠરાવવામાં આવે છે.

7- **સી) <u>મુદ્દા નં.૩</u>:-**

ઉપરોકત મુદ્દાઓમાં કરેલ ચર્ચાઓ મુજબ ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: <u>આખરી હુકમ</u> ::-

**૧. વાદીનો દાવો આથી <u>ના: મંજુર</u> કરવામાં આવે છે.**

**૨. આ કામના પક્ષકારોએ પોત પોતાનો ખર્ચ પોતે ભોગવવો.**

**હુકમ મુજબ હુકમનામું દોરવું**

હુકમ આજ **તારીખ-૨૨, માહે-નવેમ્બર, સને-૨૦૨૪** ના રોજ ખુલ્લા ન્યાયાલયમાં વાંચી-સંભળાવી જાહેર કર્યો.

Date:- 22/11/2024. (SHAILESHBHAI SADABHAI PATEL)

Kalol. Addl. Senior Civil Judge, Kalol, Dist.Panchmahals.

**JUDGE CODE: GJ01254.**